વંદનાનું વૃંદાવનમાં રૂપાંતર કરવું એ જ જીવનની કળા છે

- સુદર્શન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૮ | ૯ મે, ૨૦૧૩, ગુરૂવાર; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# કુપોષણ સામેનો જંગ મિશન મોડ પર

## કુપોષીત અને અતિકુપોષિત બાળકની વ્યાખ્યામાં બદલાવ સાથે એમ.આઈ.એસ. સોફ્ટવેર તૈયાર કરી દેવાયું : તંત્ર દ્વારા સ્વાયત્ત એજન્સીની રચના કરી નિયમિત મોનીટરીંગ પણ કરાશે

ગાંધીનગર, તા. ૮

કુપોષણ સામેના જંગને હવે રાજ્ય સરકારે મિશન મોડ પર મુકી દઈ અને આક્રમકતાથી આ પડકારને નાથવા માટેનું મન બનાવી લીધુ છે.

આજે બાળકલ્યાણ વિભાગના પ્રોજેક્ટ ઓફિસરોની મળેલી બેઠકમાં આ અંગેના સ્પસ્ટ નિર્દેશ આપી દેવામાં આવ્યા છે. ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે મળેલી આ બેઠકમાં કુપોષિત અને અતિકુપોષિત બાળકોની વ્યાખ્યામાં ફેરફાર કરી નવા માપદંડ સાથે ઓછા વજન ધરાવતા અને અતિ ઓછુ વજન ધરાવતા બાળકો એમ બે વિભાગોમાં આ બાળકોને વહેંચવામાં આવશે. એટલુ જ નહી આ માટે નવી વ્યાખ્યા પણ નિર્ધારીત કરાશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સરકારે કુપોષણ સામેના જંગ માટે એક સ્વાયત્ત એજન્સી નેશનલ રૂરલ હેલ્થ મિશનને આધાર બનાવી અને રચવાનો પણ મહત્વનો સંકેત આજની આ બેઠકમાં આપી જણાવાયું હતું કે આ અંગેની સ્ટાફ પેટર્ન આગામી એકાદ-બે દિવસમાં જ આખરી કરી દેવામાં આવશે.

આ બેઠકમાં સ્વાયત્ત એજન્સીની રચનાની સાથે સાથે બાળકોને આપવામાં આવતા નાસ્તા તથા ભોજનની પદ્ધતિમાં પણ આમૂલ બદલાવ કરવામાં આવી રહ્યાનો સંકેત આપવામાં આવ્યો હતો. ખાસ કરીને પ્રિ-મિક્સની સાથે સાથે સોયા અને અન્ય વસ્તુઓનો ઉપીયોગ કરવામાં આવશે. આ માટેનું સપ્તાહનું મેનુ પણ બાળકોને કેટલી માત્રામાં આપવામાં આવશે તે પણ આખરી કરવામાં આવી રહ્યાનું જણાવાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ગરમીનું મોજુ યથાવત

## ચિલોડા પાસે ગરમીથી એક અજાણ્યા વ્યક્તિના મૃત્યુના બિનસત્તાવાર અહેવાલ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સહિત રાજ્યના દસ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો છે. ગરમીના પ્રકોપને કારણે જનજીવન પર વિપરીત અસરો પડી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં ગરમીને કારણે ચિલોડા નજીક એક વ્યક્તીનું મોત નીપજવાના પણ અહેવાલો છે. જો કે તંત્રના સૂત્રોનું કહેવું છે કે આ મૃતદેહ બિનવારસી છે અને પોલીસ તે અંગે તપાસ કરી રહી છે.

તેમાંથી આવતી હતી.

આ મૃતદેહ મળતાં જિલ્લામાં ગરમીથી બીજુ મૃત્યુ નોંધાયું છે.

રાજ્યના વિવિધ શહેરોમાં સૌથી ઊંચો પારો અમરેલીમાં ૪૨.૭ ડિગ્રી નોંધાયો છે. અમદાવાદમાં ગરમ પવનનું જોર વધારે હોવાથી બપોરે લોકોએ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. લૂ વાળો પવન ૮ થી ૧૦ કિ.મી.ની ઝડપે વાતો રહ્યો હતો.

રાજ્યમાં કાળઝાળ ગરમીથી લોકોને કોઈ પણ રાહત મળી રહી નથી. અલબત્ત અમદાવાદ શહેરમાં ગઈકાલની સરખામણીમાં આજે તાપમાનમાં ઘટાડો રહ્યો હતો પરંતુ આની કોઈ મોટી અસર થઈ ન હતી. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ગઈકાલે ૪૨.૬ ડિગ્રીની સરખામણીમાં ઘટીને ૪૧.૭ ડિગ્રી નોંધાયુ હતુ.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ ગરમીનું આ મોજુ આગામી બે દિવસ સુધી યથાવત રહેશે. ગરમીના વધતા જતા પ્રકોપને કારણે શહેરી વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની માંગમાં તેમજ વીજળીની માંગમાં પણ વધારો થવા પામ્યો છે.

પોલીસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એક ખાનગી મકાન જે બંધ હતુ તેની ઓસરીમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો છે.

આ મૃતદેહ બે-ત્રણ દિવસ પડી રહ્યો હોવાથી તેની પર કીડાઓ પણ ફરતા થયા હતા અને પોલીસે જ્યારે તેનો કબ્જો લીધો ત્યારે ભારે દુર્ગંધ

આજે ગાંધીનગરમાં તાપમાનનો પારો ૪૧.૫ ડિગ્રી નોંધાયો છે પરંતુ ૪૧.૭ ડિગ્રી, ગાંધીનગર ૪૧.૫ ડિગ્રી, ડીસા-૪૦.૪, વડોદરા-૪૧ ડિગ્રી, રાજકોટ-૪૧.૬ ડિગ્રી, સુરેન્દ્રનગર-૪૧ ડિગ્રી, કંડલા એરપોર્ટ ૪૨.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે.




(તસવીર : દિપક જાની)

# મહેસાણાથી સુરત જતી એસ.ટી. બસમાં રૂ. એક લાખની ઉઠાંતરી

અમદાવાદ,તા.૮

મહેસાણા ખાતે મહારાષ્ટ્રથી ડુંગળી વેચવા આવેલા ખેડૂતનાં રૂપિયા એક લાખ એસ.ટી. બસમાંથી ઉઠાંતરી થતાં બસના મુસાફરોમાં ચકચાર મચી ગઈ હતી. ખેડૂતે આ અંગે ચાંદખેડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની માહિતી એવી છે કે, મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના મોર ગામનાં ગાંધીચોક ખાતે પ્રભાકર ખટુ પાટિલ (ઉ.વ.૩૫) પરિવાર સાથે રહે છે. પ્રભાકર ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પ્રભાકર ગઈકાલે મહારાષ્ટ્રથી ખેતરમાં થયેલી ડુંગળી વેચવા મહેસાણા આવ્યો હતો. પ્રભાકરની તમામ ડુંગળી કુલ ૧.૬૩ લાખ રૂપિયામાં વેચાઈ હતી. તમામ રૂપિયા પ્રભાકરે એક થેલીમાં નાંખી મહેસાણાથી સુરત જતી એસ.ટી.બસમાં બેઠો હતો. એસ.ટી.બસ ઝૂંડાલ સર્કલ પાસે પહોંચી ત્યારે બસમાંથી ચાર અજાણ્યા શખ્સો નીચે ઉતર્યા હતાં. દરમિયાનમાં પ્રભાકરે રૂપિયાની થેલી તપાસતા કોઈ અજાણી વ્યક્તિ તેનાં રૂપિયા ભરેલી થેલીમાં ચેકો મારી એક લાખ રૂપિયાની ઉઠાંતરી કરી લીધી હોવાનું જાણવા મળ્યું હતું. પ્રભાકરે આ અંગે ચાંદખેડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# નિટ પરીક્ષા સંદર્ભે આજે સુપ્રિમનો ચુકાદાની વકી

## પ્રવેશ પ્રક્રિયા શરૂ ન થતા સમય વેડફાઈ રહ્યો છે : પીજી મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે લેવાયેલી નીટ માટેની પરીક્ષા મામલે સુપ્રીમમાં સુનાવણી પરિપૂર્ણ થઇ ચુકી છે

અમદાવાદ, તા.૮

દેશભરની પીજી મેડીકલ કોલેજોમાં પ્રવેશ માટે લેવામાં આવેલી નેશનલ એલિજિબિલીટી કમ એન્ટરન્સ ટેસ્ટ (નીટ)ની પરીક્ષા મુદ્દે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી પુર્ણ થઈ ચુકી છે. અને ગુરૂવારે સુપ્રિમ કોર્ટ નીટની પરીક્ષા મુદ્દે ચુકાદો જાહેર કરે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ પીજી મેડીકલ કોલેજોના નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચુક્યો છે.

રવિવારે રાષ્ટ્રીય સ્તરે નીટની પરીક્ષા લેવાય ચુકી છે. જ્યારે રાજ્ય સ્તરે ગુજકેટની પરીક્ષા ગુરૂવારે યોજાવવાની છે. ત્યારે પ્રવેશ માટે લેવામાં આવેલ નીટની પરીક્ષાનો મામલો સુપ્રિમમાં પડતર હોવાથી હજી સુધી પરીણામ જાહેર કરવામાં આવ્યું નથી. જેથી પીજી મેડીકલના પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા પણ થઈ શકી નથી. પરીણામે વિદ્યાર્થીઓનાં ભણવાનો સમય બગડી રહ્યો છે. દરમિયાન સુપ્રિમકોર્ટમાં પીજી મેડીકલમાં પ્રવેશ માટે લેવામાં આવેલ નીટની પરીક્ષા મુદ્દે સુનાવણી પુર્ણ થઈ ચુકી છે. અને વિદ્યાર્થીઓના ભણવાનો કિમતી સમય ન બગડે તે બાબતને ધ્યાનમાં રાખીને ગુરૂવારે સુપ્રિમ કોર્ટ પોતાનો ચુકાદો જાહેર કરે તેવી શક્યતા છે. જોકે સુપ્રિમ કોર્ટે પોતાના ચુકાદામાં નીટની પરીક્ષાને પીજી મેડીકલમાં પ્રવેશ માટે માન્ય ઠેરવે તો નીટની પરીક્ષાના આધારે પ્રથમ વર્ષમાં પ્રવેશ ફાળવવામાં આવશે. પરંતુ જો સુપ્રિમ કોર્ટ નીટની પરીક્ષાને એકવાર પ્રવેશ પ્રક્રિયા વિલંબમાં મુકાઈ શકે છે. કારણ કે આવા સંજોગોમાં યુનિવર્સિટીઓ પોતાની સલંગ્ન મેડીકલ કોલેજોમાં પ્રવેશ માટે પરીક્ષા યોજવી પડશે જેનાં કારણે વિદ્યાર્થીઓના પીજી મેડીકલના પ્રથમ વર્ષના ભણવાનો કિમતી સમય બગડશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત સહીત દેશભરની પીજી મેડીકલ કોલેજોમાં પ્રવેશ માટે ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૨ નીટની પરીક્ષા લેવામાં આવી હતી. જોકે બાદમાં કેટલાક વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા નીટના આધારે પ્રવેશ પ્રક્રિયાના વિરોધમાં સુપ્રિમ કોર્ટમાં અરજી કરવામાં આવતા સુપ્રિમ કોર્ટે ચુકાદો જાહેર ન થાય ત્યાં સુધી પીજી મેડીકલ પ્રવેશ પ્રક્રિયા ઉપર સ્ટે મુકી દીધો હતો. દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીજી મેડીકલની અલગથી પ્રવેશ પ્રક્રિયા લેવાનો જાહેરાત કરતા વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો જેના પગલે શિક્ષણ વિભાગે સુપ્રિમ કોર્ટના ચુકાદો ન આવે ત્યાં સુધી કોઈ પ્રવેશ પરીક્ષા ન લેવાનો નિર્ણય કર્યો હતો.

# આગામી ૨૦મીએ ડેપ્યુટી મેયરની ચૂંટણી માટે કોર્પોરેશનની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી સામાન્ય સભા ૨૦મી મે ના રોજ બપોરે બે વાગે કોર્પોરેશનના સભાખંડમાં યોજાશે.

મહાનગરપાલિકાના ડે. મેટર શ્રી યુસુફ પરમારની મુદત પૂર્ણ થતી હોવાથી આ બેઠકમાં ડે. મેયરની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં ત્રણ સભ્યોએ કરેલા પક્ષાંતર પછી આ બીજી મહત્વની ચૂંટણી કોર્પોરેશનમાં યોજાઈ રહી છે. આ ચૂંટણીને લઈ રાજકીય ઉત્તેજનાઓ વ્યાપેલી જોવા મળી રહી છે.

બન્ને પક્ષો દ્વારા આ હોદ્દા માટે ઉમેદવારને મેદાનમાં ઉતારવામાં આવશે તેમ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે. જો કે ઉમેદવારની પસંદગીને લઈ બન્ને પક્ષો હજુ મગનુ નામ મરી પાડવા તૈયાર નથી.

અગાઉ સ્ટેન્ડીંગ કમિટીના છ સભ્યો માટેની યોજાયેલી ચૂંટણીનો મુદ્દો ન્યાયાધીન હોવાથી બન્ને પક્ષો આ ચૂંટણીને લઈ બહુ સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યા છે.





જોઈએ

(૧) M.Sc./B.Sc., B.Ed

(૨) B.A., B.Ed. - અંગ્રેજી

(૩) પ્યુન - ૧

સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ અરજી સાથે મળવું.

શાંતિનિકેતન માધ્યમિક શાળા

બ્લોક નં. ૪/૧, 'છ' ટાઈપ, ઈન્કવાયરી ઓફીસ સામે, સેક્ટર-૨૯, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧